# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેમિકન્ડક્ટર ચિપ્સથી લઈને જહાજો સુધીના તમામ ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદનના મહત્વ પર ભાર મૂક્યો**
2) **એક લાખ ડોલર ફી ફક્ત નવા અરજદારો પર લાદવામાં આવશે તેવી નવી H-1B વિઝા નીતિ અંગે અમેરિકાએ સ્પષ્ટતા કરી**
3) **આવતા વર્ષે માર્ચ સુધીમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદ સંપૂર્ણપણે નાબૂદ કરવાનો પુનરોચ્ચાર કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ**
4) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજથી મોરોક્કોની સત્તાવાર મુલાકાતે જશે.
5) એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે દુબઇ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે રસાકસી ભર્યો મુકાબલો

*************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-GUJARAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત પર ભાર મૂકતા કહ્યું કે ભારતનો સૌથી મોટો દુશ્મન વિદેશી દેશો પરની તેની નિર્ભરતા છે જેથી દેશે તેનાથી મુક્ત થવું જોઈએ. તેમણે સેમિકન્ડક્ટર ચિપ્સથી લઈને જહાજો સુધીના તમામ ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદનના મહત્વ પર પ્રકાશ પાડ્યો.

ગઈકાલે ગુજરાતના ભાવનગરમાં "સમુદ્રથી સમૃદ્ધિ" કાર્યક્રમમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે 140 કરોડ ભારતીયોનું ભવિષ્ય વિદેશી શક્તિઓના હાથમાં છોડી શકાતું નથી અને રાષ્ટ્રીય વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વિદેશી દેશો પર નિર્ભર રહી શકતી નથી. તેમણે જાહેર કર્યું કે સેંકડો સમસ્યાઓનો એક જ ઉકેલ છે: આત્મનિર્ભર ભારતનું નિર્માણ. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, પડકારોનો સામનો કરવો પડશે, બાહ્ય નિર્ભરતા ઘટાડવી પડશે અને સાચી આત્મનિર્ભરતા દર્શાવવી પડશે.

## (બાઈટ – પીએમ મોદી)

શ્રી મોદીએ ભારતને દરિયાઈ મહાસત્તા બનાવવાના તેમની સરકારના વિઝનનો ઉલ્લેખ કરતા કહ્યું કે દેશ 2047 સુધીમાં વૈશ્વિક દરિયાઈ વેપારમાં તેનો હિસ્સો ત્રણ ગણો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેમણે કહ્યું કે ભારતના દરિયાકાંઠા હંમેશા સમૃદ્ધિનું પ્રતીક રહ્યા છે અને હવે તે ભારતના ભાવિ વિકાસના પ્રવેશદ્વાર બનશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતના દરિયાઈ ક્ષેત્રમાં આગામી પેઢીના સુધારા થઈ રહ્યા છે. તેમણે જાહેરાત કરી કે આ ક્ષેત્ર ટૂંક સમયમાં "એક રાષ્ટ્ર, એક બંદર" પ્રક્રિયા અપનાવશે, જેનો હેતુ દેશભરમાં બંદર પ્રક્રિયાઓને સરળ બનાવવાનો છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે શિપબિલ્ડિંગ કંપનીઓને હવે બેંકો પાસેથી લોન મેળવવામાં અને ઓછા વ્યાજ દરોનો લાભ મેળવવામાં સરળતા રહેશે.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ 32 હજાર કરોડથી વધુના અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ સાત હજાર 800 કરોડથી વધુના મુંબઈ ઇન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલ સહિત અનેક મોટા દરિયાઈ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું...1

# PM-GUJARAT - 2

પ્રધાનમંત્રી મોદીએ અમદાવાદ નજીક પ્રાચીન શહેર લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) ની પ્રગતિની સમીક્ષા કરી. NMHC ઐતિહાસિક ચાર હજાર 500 કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે, જે એક સમયે સિંધુ ખીણ સંસ્કૃતિનું એક મહત્વપૂર્ણ વેપાર કેન્દ્ર હતું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે પૂર્ણ થયા પછી, તે વિશ્વનું સૌથી મોટું દરિયાઈ સંગ્રહાલય હશે. પ્રધાનમંત્રીએ ધોલેરા સ્માર્ટ સિટીનું હવાઈ નિરીક્ષણ પણ કર્યું.

. . . . . . . . . . . . . . .

# REV US-H1B VISA CLARIFICATION

અમેરિકાએ તેની નવી H-1B વિઝા નીતિ અંગે એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા જારી કરી છે. આ નીતિએ ટેકનોલોજી ઉદ્યોગમાં મૂંઝવણ અને ચિંતા પેદા કરી છે. સ્પષ્ટતામાં જણાવાયું છે કે એક લાખ ડોલર ફી ફક્ત નવા અરજદારો પર લાદવામાં આવશે અને તે "એક વખત" ચુકવણી હશે.

આજે નવી નીતિ અમલમાં આવે તેના કલાકો પહેલાં, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે જેઓ પહેલાથી જ H-1B વિઝા ધરાવે છે અને હાલમાં દેશની બહાર છે તેમની પાસેથી એક લાખ ડોલર ફી પુનઃપ્રવેશ ફી વસૂલવામાં આવશે નહીં. આનાથી નવીકરણ અથવા વર્તમાન વિઝા ધારકોની સ્થિતિ પર કોઈ અસર થશે નહીં. નવી વિઝા જાહેરાત વર્તમાન લોટરી પ્રક્રિયાને અસર કરશે નહીં. પ્રેસ સેક્રેટરીએ જણાવ્યું હતું કે આ નવો આદેશ આગામી લોટરી પ્રક્રિયામાં પહેલા લાગુ કરવામાં આવશે.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના સત્તાવાર ઝડપી પ્રતિભાવ પૃષ્ઠે રાષ્ટ્રપતિના નવા વિઝા ફી વધારા અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફેક ન્યૂઝ અને દાવાઓનું ખંડન કર્યું છે અને સમાન સ્પષ્ટતા જારી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOYAL-US

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ આવતીકાલે વેપાર વાટાઘાટો માટે અમેરિકા જશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાતનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટોને આગળ વધારવાનો અને પરસ્પર લાભદાયી કરારને અંતિમ સ્વરૂપ આપવાનો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકા વેપાર પ્રતિનિધિઓની એક ટીમે આ મહિનાની 16મી તારીખે ભારતની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, વેપાર કરારના વિવિધ પાસાઓ પર સકારાત્મક ચર્ચા થઈ હતી અને આ સંદર્ભમાં પ્રયાસો ઝડપી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# HM-PVT CHANNEL INTERVIEW

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આવતા વર્ષે માર્ચ સુધીમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. એક ખાનગી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં શ્રી શાહે કહ્યું કે સરકારના પ્રયાસોને કારણે, છેલ્લા દાયકામાં પૂર્વોત્તર અને ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારો સહિત ત્રણ મુખ્ય પ્રદેશોમાં હિંસક ઘટનાઓમાં 75 ટકાનો ઘટાડો થયો છે.

નરેન્દ્ર મોદી સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા ગૃહમંત્રીએ કહ્યું કે 11 વર્ષથી ઓછા સમયમાં સરકારે લગભગ 60 કરોડ લોકોને આવાસ, વીજળી, શૌચાલય, પીવાનું પાણી અને 5 લાખ રૂપિયાનો આરોગ્ય વીમો પૂરો પાડ્યો છે.

**(બાઇટ – અમિત શાહ, ઉગ્રવાદ)**

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# RAJNATH-MOROCCO

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજથી મોરોક્કોની સત્તાવાર મુલાકાતે જશે. આ ઉત્તર આફ્રિકન રાષ્ટ્રની રક્ષા મંત્રીની પહેલી મુલાકાત હશે, જે ભારત અને મોરોક્કો વચ્ચે વધતા વ્યૂહાત્મક જોડાણને વધઉ સુદ્રઢ કરશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે જણાવ્યું હતું કે, આ મુલાકાત દરમિયાન, શ્રી સિંહ તેમના મોરોક્કન સમકક્ષ, અબ્દેલતિફ લૌદીય સાથે સંરક્ષણ, વ્યૂહાત્મક અને ઉદ્યોગ સહયોગને મજબૂત બનાવવા માટે દ્વિપક્ષીય બેઠક કરશે. તેઓ બેરેચિડ ખાતે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ મેરોકની વ્હીલ્ડ આર્મર્ડ પ્લેટફોર્મ માટે નવી ઉત્પાદન સુવિધાના ઉદ્ઘાટનમાં પણ હાજરી આપશે.

બંને પક્ષો સંરક્ષણ ક્ષેત્રમાં સહકાર પર સમજૂતી કરાર  પર હસ્તાક્ષર કરે તેવી પણ અપેક્ષા છે.

. . . . . . . . . . . .

# PB-FORMER CEO DEATH

પ્રસાર ભારતીના ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી કે.એસ. શર્માનું ગઈકાલે હૈદરાબાદમાં 80 વર્ષની વયે અવસાન થયું. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. આંધ્રપ્રદેશ કેડરના IAS અધિકારી શ્રી શર્માએ ઘણા વર્ષો સુધી દૂરદર્શનના મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી હતી. તેઓ 2002 થી 2006 સુધી પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી પણ હતા. તેમણે દૂરદર્શન ડાયરેક્ટ-ટુ-હોમ (DTH) સેવાઓ અને DD ડાયરેક્ટ પ્લસ સહિત અન્ય કાર્યક્રમો શરૂ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

. . . . . . . . . . .

# CRICKET

દુબઈમાં એશિયા કપ T20 ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા સુપર ફોર મેચમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે.

આ ટુર્નામેન્ટમાં બંને ટીમો વચ્ચે આ બીજો મુકાબલો હશે. ગયા અઠવાડિયે ગ્રુપ-સ્ટેજ મેચમાં ભારતે પાકિસ્તાન પર સાત વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો. આજની મેચનો વિજેતા ફાઇનલ માટે દાવેદાર રહેશે.

દરમ્યાન ગઈકાલે રાત્રે, બાંગ્લાદેશે પ્રથમ સુપર ફોર મેચમાં શ્રીલંકાને ચાર વિકેટથી હરાવ્યું. શ્રીલંકાના 169 રનના લક્ષ્યાંકનો જવાબ આપતા, બાંગ્લાદેશે એક બોલ બાકી હતો ત્યારે છ વિકેટે લક્ષ્યાંક હાંસલ કર્યો. પ્રથમ બેટિંગ કરતા, શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 168 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને તેલંગાણામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, આજે દક્ષિણ-પશ્ચિમ મધ્યપ્રદેશ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, પૂર્વ ઉત્તરપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઝારખંડ, ઓડિશા, સિક્કિમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વાવાઝોડા અને ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

- આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે બીજા દેશો પર નિર્ભરતા એ જ આપણો મોટો દુશ્મન- મોદી
- દિવ્ય ભાસ્કર લખે છે ટ્રમ્પનું વિઝો વોર- નવા H1-B અરજદારોને વર્ષે 88 લાખ ફી ચુકવવી પડશે- વ્હાઈટ હાઉસ
- સંદેશ  લખે છે ટ્રમ્પે H1-B વિઝા ફી વધારીને એક લાખ ડોલર કરી
- યુરોપના 3 મોટા એરપોર્ટ પર સાયબર એટેક થતાં કેટલીક ફ્લાઈટ રદ- મુસાફરો અટવાયા...આ સમાચારને નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે
- લોકસત્તાજનસત્તા અને ફૂલછાબ પ્રથમ પાને લખે છે-ચીપ હોય કે શીપ, ભારતમાં જ બનશે- મોદી
- એક અહેવાલમાં દિવ્ય ભાસ્કર લખે છે ગુજરાતમાં વાહનોની સંખ્યા વધતા હવે નંબર પ્લેટમાં એક અક્ષર વધુ જોવા મળશે.....આ સાથે જ 8 વર્ષ બાદ અમૂલની 700થી વધુ દૂધની બનાવટોના ભાવમાં રૂપિયા 2થી 40નો ઘટાડાનો... આવતીકાલથી અમલ
- એશિયા કપમાં ભારત અને પાકિસ્તાનનો મુકાબલો આજે દુબઈમાં થશે આ સમાચારને તમામ અખબારોએ રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે.

. . . . . . . . . . . . . . . . .